જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર   ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦       ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૨/૦૮/૨૦૧૮ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-                    સમાચાર યાદી નં.૧૪૭૨/૧૮

## રખિયાલ પોલીસ સ્ટેશન :

તેમજ નાયબ પોલીસ કમિશ્નર શ્રી
અધિક પોલીસ કમિશ્નર શ્રી –સેક્ટર -૨ સાહેબ , નાઓની સુચના અને
ઝોન – ૫ , અમદાવાદ શહેર તથા મ.પો.કમિ.શ્રી એચ વિભાગ અમદાવાદ શહેર રીતે કતલ
માર્ગદર્શન હેઠળ આગામી સમયમાં આવનાર બકરી ઇદ ના તહેવારની આડમાં ગેર-કાયદેસર અમો તેમજ
કરવા માટે લવાતા ગાય – બળદ , ભેંસ , પાડા વિગેરે ને બચાવી લેવા સારૂ આજરોજ સ્ટાફના
સિનીયર પો.ઇન્સ શ્રી , બી.વી.જાધવ સાહેબ તેમજ પો.સબ.ઇન્સ વાય.એચ.રાજપુત તેમજ બીજા અમો
માણસો પો.સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા , દરમ્યાન ગરીબ નગર ચાર રસ્તા ખાતે આવતા આધારે
તેમજ સાથેના હે.કો રેવાભાઇ હમીરભાઇ બ.નં- ૪૭૦૨ નાઓને મળેલ સંયુક્ત બાતમી- હકીકત નજીક ,
અમોએ બાતમી વાળી જગ્યા પ્રભાવતીની ચાલી , ખુદાદાદ મસ્જિદ પાસે , સિમેન્ટ ના ગોડાઉન પ્રવૃત્તિ
અગાઉ ગૌ-માંસના કેસોમાં પકડાયેલ અને હાલમાં પણ ચોરી-છુપીથી ગૌ-માંસની ગેર-કાયદેસરની બનાવેલા
કરતા ઇસમ રઉફખાન સમીરખાન પઠાણ ના ત્રણ માળના મકાનમાં સૌથી નીચેના ભાગે કિંમત રૂ ,
કતલખાનામાં અમોએ રેઇડ કરતા કતલ માટે લવાયેલા જીવતા પાડા (ભેંસ વંશ) નંગ – ૨૨ મળી આવેલ ,
૨,૨૦,૦૦૦/- તેમજ એક કતલ કરેલી હાલતવાળી ભેંસ નંગ – ૧ કિંમત રૂ, ૨૦,૦૦૦/- ની માણેક ચોક ,
જે તમામ જીવતા પાડાઓને યોગ્ય સાર-સંભાળ અને ઉછેર માટે ગીતાબેન રાંભીયા સ્મૃતિ ટ્રસ્ટ સેનેટરી
અમદાવાદ ખાતે મોકલી આપેલ છે , અને કતલ કરેલી હાલતવાળી મૃત ભેંસ ને યોગ્ય નિકાલ માટે , અને
ઇન્સપેક્ટર શ્રી , સ્લોટર હાઉસ , અ.મ્યુનિ.કોર્પોરેશન , જમાલપુર , અમદાવાદ ખાતે મોકલી આપી વિરૂધ્ધ
સ્થળ ઉપરથી પકડાયેલ અને બીજા નાસી જનાર મુખ્ય આરોપી – રઉફખાન સમીરખાન પઠાણ
કાયદેસરની કાર્યવાહી કરી નોંધપાત્ર કામગીરી કરેલ છે .

## વટવા પોલીસ સ્ટેશન :

## રીઢા વાહન ચોરને એક ચોરીની રિક્ષા સાથે પકડી પાડતી વટવા પોલીસ

મે.પોલીસ કમીશ્નરશ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ સાહેબની સુચના આધારે તેમજ નાયબ પો.કમી.શ્રી ઝોન ૬ સાહેબ તથા મ.પો.કમીશ્રી જે ડીવીઝન અમદાવાદ તથા પોલીસ ઈન્સપેક્ટરશ્રી વટવા નાઓએ મિલ્કત સંબંધી ગુનાઓ શોધી કાઢવા સારૂ આપેલ સુચનાઓ આધારે સર્વેલંસ સ્કોડના પો.સ.ઇ. એસ.પી.ગોહિલ તથા સર્વેલંસ સ્કોડના માણસો સાથે આજરોજ પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગ હતા દરમ્યાન ચોક્કસ બાતમી હકિકત આધારે વટવા પોલીસ સ્ટેશન ફ્સ્ટ. ગુ.ર.નં. ૧૦૧/૧૮ ધી ઈ.પી.કો. કલમ ૩૭૯ મુજબના ગુનામા સંડોવાયેલ આરોપી નામે મોહમદ સાદાફ્ સ/ઓ રજબઅલી જાહેદઅલી અંસારી ઉ.વ. ૨૪ રહે.મ.નં. ૬ રહેમી મસ્જીદની બાજુમા બોમ્બે હોટલ નારોલ અમદાવાદ શહેરનાઓને તા.૦૧/૦૮/૨૦૧૮ ના કલાક ૧૩/૧૦ વાગે વટવા ગેબનશાહ કેનાલ થી સદાની ધાબી તરફ્ જતા રોડ ઉપરથી સદરી ગુનામા ચોરાયેલ એક સી.એન.જી.રિક્ષા જેનો નં. GJ 01 DX 7952 તથા જેનો એન્જીન નં.૦૩૦૮૪ તથા ચેચીસ નં. ૦૧૮૮૫ જે સને ૨૦૧૫ ના મોડલની જેની કિ.રૂ.૬૦,૦૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી અટક કરી મિલ્કત સંબધી ગુનો શોધી કાઢી જેની આગળની વધુ તપાસ હાથ ધરતા સદરી આરોપી અગાઉ રિક્ષા ચોરીના ગુનામા ગોમતીપૂર , શાહેરકોટડા , રખીયાલ , કાગડાપીઠ તથા કાલૂપૂર પોલીસ સ્ટેશનમા પકડાયેલ છે.

તા-૦૧/૦૮/૨૦૧૮



**<u>નારોલ પોલીસ સ્ટેશન :</u>**



**શરીર સબંધી ધી ઈ.પી.કો. કલમ-૩૦૭ વિગેરે ના કામે વોન્ટેડ આરોપીને પકડી પાડતી નારોલ પો.સ્ટેની પોલીસ**

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તેમજ અધિક પોલીસ કમિ.શ્રી સેકટર-૦૨ તેમજ ના.પો.કમિ.શ્રી,ઝોન-૦૬ તેમજ મ.પો.કમિ.શ્રી "કે" ડીવીઝન અમદાવાદ શહેર સા.નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પો.સ્ટે માં નોંધાયેલ શરીર સબંધી ગંભીર ગુનાના નાસતા ફરતા વોન્ટેડ આરોપીઓની અમો તથા સ્ટાફ મારફતે હકિકત મેળવી આરોપીઓ પૈકીના વોન્ટેડ નાસતા ફરતા આરોપી રમણભાઈ સ/ઓફ નટુભાઇ હરસિગભાઇ નીનામા (વણઝારા) ઉ.વ.૪૩ રહે- એ/૩૦૨, ભગીરથ સીટી હોમ્સ, નારોલ કોર્ટ સામે, નારોલ, અમદાવાદ શહેર તથા મુ.વતન મોટી ખરજ, તા.દાહોદ, જી.પંચમહાલ નાનો નારોલ પો.સ્ટે.ફ.ગુ.ર.ન.૫૯/૧૮ ધી ઇ.પી.કો. કલમ-૩૦૭,૩૨૪,૩૨૫,૩૨૬,૨૯૪(ખ),૫૦૬(૨),૧૧૪ મુજબના ગુનામાં ગત તા.૨૮/૦૨/૨૦૧૮ થી નાસતો ફરતો હતો તેને હકિકત આધારે આજરોજ તા.૦૧/૦૮/૨૦૧૮ ના રોજ પકડી કલાક-૨૧/૩૦ વાગ્યે અટક કરવામાં આવેલ છે. તા.૦૧/૦૮/૨૦૧૮

**<u>સુરક્ષા સેતુ રથ :</u>**

"મેઘાણીનગર" પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનું આયોજન કરી, "મેઘાણીનગર" પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.










નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.